# ખ્વાહરે ઈમામે મકતૂલ **મૌલાતના ઝૈનબ (અ.સ.)**

હુરમતવાલા અને કરામતવાલા મહીના મોહર્રમુલ હરામ નો હિલાલે અન્વર નમૂદાર થાય છે કે, મુમેનીનના દિલોમાં ઈમામ હુસૈન (અ.સ.) ની યાદ તાઝા થઈ જાય છે. આ મહીનાની ૧૦ મી તારીખ આશૂરાના દિન અસ્રના વક્ત પર ઈમામ હુસૈન (અ.સ.) એ શહાદત ઈખ્તિયાર કરીને એ દિન ને ખુસૂસીયત, અઝમત, કરામત બખ્શી દીધી અને એક દીને કામિલ તેમજ સબીલે નજાત યૌમે કયામત તક આ જહાનમાં લોગોની હિદાયત વાસ્તે આબાદ કરી દીધું. જે વક્ત ઈમામ હુસૈન (અ.સ.) ની યાદ તરો તાઝા થાય છે, તે વક્ત આપના વફાદાર અને હમદર્દ બહેન મૌ.ઝૈનબ (અ.સ.) ની યાદ આવી જાય છે.

મૌ.ઝૈનબ (અ.સ.) ને આપના ખાનદાન અને આપની ઝાતે ફાઝેલાના સબબ જે મકામ હાસિલ થયો છે તે આજે રૌશન અને મશ્હૂર છે. સૈયેદુલ વસીઈન મૌ.અલી (અ.સ.) આપના બાવાજી સાહેબ છે. સૈયેદતો નિસાઈલ આલમીન મૌ.ફાતેમા (અ.સ.) આપના માઁ સાહેબા છે. સૈયેદુશ શોહદા ઈમામ હુસૈન (અ.સ.) આપના ભાઈ છે કે, જેની ખિદમત આપે કરબલામાં એ શાનથી કીધી કે, દુનિયાના તમામ બૈરોના સર ફખરથી ઉંચા થઈ ગયા. મૌ.ઝૈનબ (અ.સ.) ની પૈદાઈશના વક્ત મૌ.અલી (અ.સ.)ના ઘરમાં ખુશી અને ફરહતનો માહૌલ હતો કે, મૌ.ફાતેમા (અ.સ.) ના શિકમે મુબારકથી એક બાસઆદત નૌમૌલૂદની વિલાદત થાનાર છે, તમામને એ મુબારક ઘડીનો ઈન્તેઝાર છે, ઝબાન પર દોઆના કલેમાત છે, તે જ વક્ત કહેનાર એ પૈગામ આપો કે, **મૌ.અલી (અ.સ.) ના ઘર માં એક ખૂબરૂ શેહઝાદી પધારેલા છે. ક્યા શેહઝાદી કે, જેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ બરકત બોલી છે.** અને આપના શેહઝાદી ઝૈનબ (અ.સ.) ની યાદમાં મૌ.અલી (અ.સ.) ની શેહઝાદી નું નામ “ઝૈનબ” રાખેલું છે. અહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) ના ઘરાનામાં આજે ખુશી અને મસર્રત છે.

મૌ.ફાતેમા (અ.સ.) નિરાલી શાન, શફક્ત અને મોહબ્બતથી પોતાની શેહઝાદી ઝૈનબ (અ.સ.) ની તરબીયત કરે છે, આ તરબીયતના નતીજામાં આપ પરહેઝગારી, ઈફ્ફત, સબ્ર, ઝોહદ, તકવા, હયા અને પારસાઈમાં આપના માઁ ફાતેમા ના હમશાન થઈ ગયા. મૌ.ફાતેમા (અ.સ.) ની સીરત અને સૂરત આપમાં નઝર આવવા લાગી અને મૌ.ફાતેમા (અ.સ.) ની દૂધની તાઅસીર આપમાં ઝાહિર થઈ. અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ની શાનાત નો જલવો આપમાં નમૂદાર થયો; જે વક્ત આપ ખૂતબએ બલીગા પઢતા તો એમાથી મૌ.અલી (અ.સ.) ના ઈલ્મની બરકતની ખૂશ્બુ આવતી અને આપ (અ.સ.) ના આવાઝનો એહસાસ થાતો. અઝમ-ઈરાદાની મઝબૂતી, તફાદી અને કુરબાન થાવાનો વલવલો, સબ્રનું જૌહર, શુક્રના જઝબાત, બૈતે હરમની લાજ, માઅસૂમ બચ્ચાઓની નિગેહબાની, બીમારની તીમારદારી, હયાનો પડદો અને મુસીબતમાં વફા એ મૌ.ઝૈનબ (અ.સ.) નું ઝૈવર બનું. **આપની તબીઅતમાં આ તે ખાસીયત અને ફઝાઇલ છે કે, જેના સબબ આપના ખાનદાન બનૂ હાશિમને આપના પર ફખર અને નાઝ છે.** તેથી તારીખસાઝ આપને “અકીલતો બની હાશિમ” ના લકબે ખાસથી યાદ કરે છે. અલ્લાહતઆલાની તાઅતમાં આપનો અઝમ-ઈસ્તિકલાલ ઘણો મઝબૂત હતો તેથી આપ “ઉમ્મુલ અઝાઈમ” થી પણ નામઝદ છે, આપ સખાવતમાં આપના જદ્દેઅમજદ મૌ.હાશિમ (અ.સ.) ની મિસ્લ હતા તેથી લોગો આપના “ઉમ્મે હાશિમ” ના નામથી પણ માઅરેફત રાખે છે. આપ ઈલ્મ, અઝમ અને રાય (સલાહ) આપવામાં આપના બાવાજી સાહેબ મૌ.અલી (અ.સ.) ની મિસ્લ હતા. વકતે ઝરૂરત લોગો આપના સલાહ-મશ્વરા વાસ્તે આવતા અને આપ પર પૂરો ભરોસો રાખતા. આપ ઝઈફ, મોહતાજ, મિસ્કીનના સહારા હતાં. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત બાદ જે વક્ત આપ મિસ્ર તશરીફ લઈ ગયા તો લોગો આપના ઘરમાં ઈલ્મની મજલિસો આરાસ્તા કરતા અને આપથી હિદાયત પામતા.

આ શાનાતના સાહેબાની વિલાદત ઈ.હસન (અ.સ.) અને ઈ.હુસૈન (અ.સ.) ના બાદ ૫ હિજરી સાલમાં મદીનામાં થઈ છે. કમસિની (બચપણ) થી જ આપ સબ્ર અને મુસીબતનો સામનો કરે છે. નાનાજી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વફાત થયા તે વક્ત આપની ઉમ્ર ૫ સાલની હતી. થોડો વક્ત ન ગયો કે, આપના માઁ સાહબા ઈન્તેકાલ ફરમાવી ગયા અને માઁ નો શફક્તનો સાયો આપના માથા ઉપરથી ઉઠી ગયો; આપના બેવે ભાઈઓ ઈ.હસન (અ.સ.) અને ઈ.હુસૈન (અ.સ.) ની દેખરેખ અને ખિદમત આપ કરે છે. આપના બાવાજી સાહેબ જમલ, સિફ્ફીન અને નહેરવાનની જંગમાં જાય છે તે આપ જોય છે. આપની શાદી આપના કાકાજીના દિકરા અબ્દુલ્લાહ બિન જાફરના સાથે થાય છે. આપને ત્રણ દિકરા મોહંમદ, ઔન, અલી અને બે દિકરીઓ ઉમ્મે કુલસૂમ અને ઉમ્મે અબદિલ્લાહ થાય છે. આપના શૌહર અબ્દુલ્લાહ વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, “અબ્દુલ્લાહ અખ્લાક અને પૈદાઈશમાં મારા મુશાબેહ છે, અય પરવરદિગાર તું એની ઝુર્રિયતમાં અજરે અઝીમ આપજે.”

પછી તે દીન આવે છે કે, ઝૈનબ (અ.સ.) ના સામને આપના બાવાજી સાહેબ અલી (અ.સ.)પર ઈબ્ને મુલજિમ ઝેહરીલી તલવારનો વાર કરે છે. આ સાનેહા થી મૌ.ઝૈનબ (અ.સ.) ના દિલ પર શું ગુઝરું હશે ? આ હાદેસો ૪૦ હિજરીમાં કુફામાં બને છે. તલવારના ઝખ્મ ને સબબ આપના બાવાજી સાહેબ રેહલત કરી જાય છે. તે પછી ૪૯ હિજરીમાં આપના ભાઈ ઈ.હસન (અ.સ.) ઝહેરથી શહીદ થાય છે અને હવે પંજતન પાક (અ.સ.) ના પાઁચમાં ઈ.હુસૈન (અ.સ.) બાકી છે. **મૌ.ઝૈનબ (અ.સ.) દિન-રાત આપના પ્યારા ભાઇની ખિદમત અને ચાકરી કરે છે અને ઇ.હુસૈન (અ.સ.) પણ પોતાના બહેન સાથે એવી જ મોહબ્બત રાખે છે.** જે વક્ત હુસૈન (અ.સ.) મદીનાની સફર કરવાની તૈયારી કરે છે, તે વક્ત ઝૈનબ (અ.સ.) પોતાના બે ફરઝંદો ઔન અને મોહંમદને સાથે લઈને પધારે છે. આપ ઘરથી બાહર નીકલે છે તે વક્ત આપને બાવાજી સાહેબની વસીયત યાદ આવી જાય છે કે, “અય મારી લાડલી દુખ્તર ઝૈનબ ! હુસૈન નો સાથ કોઈ પણ હાલતમાં ન મુકજો. હરમની લાજ તમારા હાથમાં છે. તે શાનની ખિદમત અને ફિદાગીરી કરજો કે, દુનિયા દાદ આપે કે, ભાઈ ને બહેન આપે તો ઝૈનબની જેમ આપે.”

મોહર્રમની બીજી તારીખ ઈમામ હુસૈન (અ.સ.) કરબલા પહોંચે છે. ઝૈનબ (અ.સ.) આપની ખિદમતમાં મશગૂલ છે, ભાઈ સાથે એક પલની જુદાઈ મંઝૂર નથી. યહાં તક કે, આશૂરાની રાત આવી. અહલે બૈત (અ.સ.) અને અન્સાર ભૂખ અને પ્યાસમાં મુબ્તેલા છે. આ માહૌલમાં ઝૈનબ (અ.સ.) ખૂબ બેચૈન છે. આહો-બુકા કરી રોઈ રહ્યા છે, નાના માઅસૂમ બચ્ચાઓને સમઝાવી રહ્યા છે, અન્સારોના હોંસલાઓને બલંદ કરી રહ્યા છે. બીમારે કરબલા ઈ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે, “આશૂરાની રાતે હું ખૈમાં માં બિસ્તર પર હતો, મને ખૂબ બુખાર હતો, મારે નઝદીક ફયજી સાહેબા ઝૈનબ (અ.સ.) મારી તીમારદારીમાં હતા, આ અરસામાં બાવાજી સાહેબ હુસૈન (અ.સ.) ખૈમાં માં પધારા, આપની સાથે અબુઝરના ગુલામ છે, આપ તલવારને દુરૂસ્ત કરે છે અને બલંદ આવાઝથી અહલે બૈત (અ.સ.) ના મનાકિબ પઢે છે. આ અમલથી હું સમઝી ગયો કે, કોઈ બલાએ અઝીમ ઉતરનાર છે.” ઝૈનબ (અ.સ.) ના કાન પર આ આવાઝ પહોંચી તો પોતાના મન પર કાબૂ ન રાખી શકા અને ફૌરન હુસૈન (અ.સ.) તરફ પહોંચા. બાવાજી સાહેબની આઁખમાંથી આઁસૂ રવાં હતા અને ફયજી સાહેબા ને જઈને આપ વસીયત કરે છે કે, **“અય બહેન ! અલ્લાહ પર તવક્કુલ રાખો, સબ્ર કરો તમામ ચીઝ ફના થાનાર છે, મગર અલ્લાહતઆલાના વજહ (ઇલ્મ, નૂર) બાકી છે.”** અને ઘણી વસીયતો કરી અને સબ્ર બંધાવો.

આશૂરાના દિન મૌ.ઝૈનબ (અ.સ.) એ પોતાના ફરઝંદો ઔન અને મોહંમદ ને હક્કની રાહ પર ફિદા કીધા. અને તે જ દિન એક માઁ પોતાના બે ફરઝંદો ના લાશા ને પોતે જોઈ છે, મકતલમાં મુકે છે અને બીજા જવાનાને અહલે બૈત (અ.સ.) ના દિલોમાં જાઁફિદાઈ નો ચિરાગ જલાવી રાખે છે. અજબ આપનો હાલ છે. હવે તે વક્ત આવી ગયો. ઈમામ હુસૈન (અ.સ.) એકલા બાકી છે, આપ ખૈમાં માં પધારા સઘલાને વસીયત કીધી ઝૈનબ (અ.સ.) ને પાસે બેસાડા. માથા પર હાથ મુકો અને ઘણી વસીયત કીધી અને હરમની લાજ સોંપી. ઈમામ હુસૈન (અ.સ.) વિદાઅ થયા. ઘોડા પર સવાર થાય છે. મગર ઝખમોથી જિસ્મે મુબારક ઘણું જ કમઝોર છે. ઘોડાની લગામ થામી આપને કોઈ સવાર કરાવનાર નથી. મૌ.ઝૈનબ (અ.સ.) ખૈમાંના દરવાઝા ઉપર ઉભા રહી આ માજરો જોઈ છે, **આપ દોડતા આવા અને ભાઇનો હાથ પકડી ઘોડા ઉપર સવાર કીધા ઝૈનબ (અ.સ.) ની આ આખરી ખિદમત હતી.** એક હસરતની નઝરથી હુસૈન (અ.સ.) ને જોતા રહ્યાં. મૈદાનમાં હુસૈન (અ.સ.) હૈદરી જૌહર બતાવે છે. ઝૈનબ (અ.સ.) એ જોઈ છે આખિરકાર હુસૈન (અ.સ.) ઝમીન પર ઉતરે છે. શિમ્ર લઈન બુઠ્ઠા ખંજરના બાર રગડા ફીરાવે છે. હુસૈન (અ.સ.) ને શહીદ કરે છે, ઝૈનબ (અ.સ.) આ મંઝરને જોઈ છે અને આપ ઘણા જ બેતાબ થાય છે. આપના વાવેલાનો કોઈ પાર નથી.

પછી સાંજ પડે છે, દુશ્મનો ખૈમાં લૂંટવા આવે છે. ખૈમાં ને જલાવે છે, ઝૈનબ (અ.સ.) સઘલા બીબી સાહેબા અને બચ્ચાઓને પોતાની ચારે બાજુ જમાઅ કરી લે છે અને હિફાઝત કરે છે. દુશ્મનો માથા પરથી ચાદરો છીનવી લે છે. બાલોથી બીબી સાહેબા પડદો કરે છે. ઝૈનબ (અ.સ.) ની સાથે આ સઘલું બને છે, મગર આપ હિંમત અને સબરથી કામ લે છે. અજબ ઝૈનબ (અ.સ.) નો હાલ છે, પોતાના દિલને સંભાલે ? કે, પોતાના હરમને સંભાલે ? બચ્ચાઓને સંભાલે ? કે, બીમાર અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને સંભાલે ? આ માજરા લખવા અને બયાન કરવાની તાકત નથી.

૧૧ મી તારીખ અહલે બૈત (અ.સ.) ને બંદીવાન બનાવે છે. ખુલ્લી પીઠના ઊંટો પર બેસાડે છે અને કાફલા સાલાર ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને બનાવે છે. તકલીફો, મેહનતો અને મુસીબતોનો સામનો કરતા કરતા ઝૈનબ (અ.સ.) સઘલાની દેખરેખ રાખે છે. દર બ દર ફીરીને આખિરમાં આ મઝલૂમ કાફલો યઝીદ લઈન ના દરબારમાં પહોંચે છે. યઝીદ લઈન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અહલે બૈત (અ.સ.) ને કૈદખાનામાં રાખે છે. **ઇમામ અલી ઝૈનુલ આબેદીન(અ.સ.) ની આપ ઢાલ બની હિફાઝત કરે છે.** કૈદખાના માંથી છૂટી આ કાફલો મદીના પાછો આવે છે.

મદીનાના લોગો જમાઅ થાય છે. ઝૈનબ (અ.સ.) તમામ બૈરાઓને કરબલાનો પુરદર્દ અને અમલનાક વાકેઓ બયાન કરે છે અને હુસૈન (અ.સ.) નું માતમ કરે છે. મૌ.ઝૈનબ (અ.સ.) રોઝ આપ ઈમામ હુસૈન (અ.સ.) નું માતમ કરે છે. અહલે બૈત (અ.સ.) પર થયેલા મઝાલિમથી લોગોને ખબરદાર કરે છે. અને આપની પૂરી ઝિંદગી માતમે ઈમામ હુસૈન (અ.સ.) માં અને આપની હક્કાનીયત ને આશકાર કરવામાં સર્ફ કરી દે છે. ★